# રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

# યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

# જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત કચેરી, અમરેલી

# કલા મહાકુંભ – ૨૦૨૧-૨૨

# પરીપત્ર

**ગૌરાંગ મકવાણા** IAS


અધ્યક્ષ

કલા મહાકુંભ જિલ્લાકક્ષા અમલીકરણ સમિતિ

અને

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી.





**દિનેશ રમેશ ગુરવ** IAS

ઉપાધ્યક્ષ

કલા મહાકુંભ જિલ્લાકક્ષા અમલીકરણ સમિતિ

અને

જિલ્લા વિકાસ અધિકારી

અમરેલી





| (વી.બી.પરમાર) | (એમ.જી.પ્રજાપતિ) | (એમ.જી.પ્રજાપતિ) |
|---|---|---|
| જિલ્લા યુવા વિકાસ અધિકારી | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | જિલ્લા શિક્ષણાધિકારી |
| અમરેલી | અમરેલી | અમરેલી |

# જિલ્લાકક્ષા અમલીકરણ સમિતિ -અમરેલી

- કલેકટરશ્રી, જિલ્લા કલેકટર કચેરી, અમરેલી -અધ્યક્ષશ્રી
- જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત, અમરેલી -ઉપાધ્યક્ષશ્રી
- જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષક કચેરી, અમરેલી -સભ્યશ્રી
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,અમરેલી -સભ્યશ્રી
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, અમરેલી -સભ્યશ્રી
- પ્રિન્સીપાલશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અમરેલી -સભ્યશ્રી
- સિનિયર કોચશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી -સભ્યશ્રી
- જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, અમરેલી -સહ સભ્ય સચિવશ્રી
- જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, રમત ગમત કચેરી,અમરેલી -સભ્ય સચિવશ્રી

# તાલુકાકક્ષા અમલીકરણ સમિતિ

૧. પ્રાંત અધિકારીશ્રી -અધ્યક્ષ
૨. મામલતદારશ્રી -કન્વીનર
૩. તાલુકા વિકાસ અધિકારીશ્રી -સભ્ય
૪. તાલુકા શિક્ષણાધિકારીશ્રી -સભ્ય
૫. પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી -સભ્ય
૬. બી.આર.સી.શ્રી -સભ્ય
૭. સી.આર.સી.શ્રી -સભ્ય
૮. આચાર્યશ્રી, આયોજક શાળા -સભ્ય
૯. સિનિયર તજજ્ઞશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ). -સભ્ય
૧૦. તાલુકા કન્વીનરશ્રી, કલામહાકુંભ આયોજક -સભ્ય સચિવ

# શાળાકક્ષાની સમિતિ

૧. શાળાના આચાર્યશ્રી -અધ્યક્ષ
૨. સંગીત શિક્ષકશ્રી -સભ્ય
૩. વ્યાયામ શિક્ષકશ્રી -સભ્ય સચિવ

# લવાદ સમિતિ

૧. કલેક્ટરશ્રી, અમરેલી
૨. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, અમરેલી
૩. પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી
૪. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમરેલી
૫. જિલ્લા પ્રા.શિક્ષણાધિકારીશ્રી, અમરેલી
૬. જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, અમરેલી
૭. સિનિયર તજજ્ઞશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ), અમરેલી
૮. જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, અમરેલી
૯. પ્રમુખ/મંત્રીશ્રી, સાંસ્કૃતિક ક્ષેત્રે સંકળાયેલ સંસ્થા/એસોશિએશન

કચેરી સંપર્ક નંબર- ૦૨૭૯૨-૨૨૩૬૩૦
બ્લોગ એડ્રેસ:- dsoamareli.blogspot.com
Email : dydoamreli@gmail.com

પત્રક્રમાંક- જ.ર.ગ.અ./૨૬૬૧થી૩૧૬૦/૨૦૨૧-૨૨
જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,
બહુમાળી ભવન,બ્લોક-સી, રૂમ નં-૧૧૦/૧૧૧,
અમરેલી.
તારીખ :. ૧૩/૧૨/૨૦૨૧

પ્રતિ,
૧) પ્રાંત અધિકારીશ્રી, તમામ
૨) મામલતદારશ્રી, તમામ
૩) પ્રિન્સીપાલશ્રી, મહાવિદ્યાલય (કોલેજ) તમામ.
૪) આચાર્યશ્રી, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ.
૫) આચાર્યશ્રી, પ્રાથમિક શાળાઓ, તમામ.
૬) પ્રમુખ/મંત્રીશ્રી સાંસ્કૃતિક મંડળો તમામ.
અમરેલી.

**વિષય- કલા મહાકુંભ-૨૦૨૧ તાલુકા અને જિલ્લાકક્ષાની સ્પર્ધાના આયોજન સંચાલન બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે , ગુજરાત સરકારના રમત ગમત , યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ , ગાંધીનગરના ઉપક્રમે ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમા કલા મહાકુંભ – ૨૦૨૧નું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભનો મુખ્ય ઉદ્દેશ કલા જાગૃતિ , પ્રતિભા શોધ અને યોગ્ય તક , સાંસ્કૃતિક વાતાવરણનું નિર્માણ કરવું. રાજ્ય સરકારે ગુજરાતનાં કલાકારોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને બહાર લાવી યોગ્ય પ્રતિભાઓને શોધી યોગ્ય સ્ટેજ આપવા માટે સાંસ્કૃતિક મહોત્સવ તરીકે સ્વરૂપ આપવાનો નિર્ણય કરેલ છે.

કલા મહાકુંભમાં બહોળી સંખ્યામાં કલાકારો સ્પર્ધકો ભાગ લે તે હેતુથી શાળાકક્ષા , તાલુકાકક્ષા અને ત્યારબાદ જિલ્લાકક્ષાએ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે. આ કલા મહાકુંભમાં કુલ ૩૦ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ ૪ (ચાર) વયજુથમાં સમાવેશ કરી ભાઈઓ-બહેનો માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે.

<u>ખાસ નોંધ</u> -

(1) તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારોએ જન્મ તારીખ દર્શાવતુ ઓળખકાર્ડ, આધારકાર્ડ સાથે રાખવાનું ફરજિયાત રહેશે. અન્યથા આયોજકશ્રી ભાગ લેવા દેશે નહીં, જેની ખાસ કાળજી રાખવી.

| ક્રમ | વિભાગ | જન્મ તારીખ થી જન્મેલ |
|---|---|---|
| ૧ | ૬ વાર્ષથી ૧૪ વર્ષ સુધીના | ૩૧/૧૨/૨૦૦૭ થી ૩૧/૧૨/૨૦૧૬ (વચ્ચે જન્મેલા) |
| ૨ | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધીના | ૩૧/૧૨/૨૦૦૧ થી ૩૦/૧૨/૨૦૦૭ (વચ્ચે જન્મેલા) |
| ૩ | ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના | ૩૧/૧૨/૧૯૬૨ થી ૩૦/૧૨/૨૦૦૧ (વચ્ચે જન્મેલા) |
| ૪ | ૬૦ વર્ષથી (ઓપન વયજુથ) | ૩૧/૧૨/૧૯૬૧ કે તે પહેલા જન્મેલા |

જિલ્લા યુવા વિકાસ અધિકારી
અમરેલી

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
અમરેલી

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

જિલ્લા વિકાસ અધિકારી
અમરેલી

કલેક્ટર
અને જિલ્લા મેજિસ્ટ્રેટ અમરેલી

| કલા મહાકુંભ-૨૦૨૧-૨૨ સ્પર્ધા શરૂઆત થવાના તબક્કા તમામ ઉંમર ગૃપ માટે | | | |
|---|---|---|---|
| તાલુકાકક્ષા | જિલ્લાકક્ષા | પ્રદેશકક્ષા | રાજયકક્ષા |
| ૧) સમુહ ગીત | ૧) સ્કુલ બેન્ડ | ૧) ઓડીસી | ૧) પખાવજ |
| ૨) ગરબા | ૨) લોકવાર્તા | ૨) મોહિની અટ્ટમ | ૨) મૃદંગમ |
| ૩) લોક નૃત્ય | ૩) દુહા-છંદ-ચોપાઈ | ૩) કુચિપુડી | ૩) સરોદ |
| ૪) રાસ | ૪) કથ્થક | ૪) સિતાર | ૪) સારંગી |
| ૫) એકપાત્રીય અભિનય | ૫) કાવ્ય લેખન | ૫) ગિટાર | ૫) ભવાઇ |
| ૬) ભરતનાટ્યમ | ૬) ગઝલ શાયરી | ૬) વાયોલીન | ૬) જોડિયા પાવા |
| ૭) વકતૃત્વ | ૭) સર્જનાત્મક કારીગરી | | ૭) રાવણ હથ્થો |
| ૮) ચિત્રકલા | ૮) ઓરગન | | |
| ૯) નિબંધ | ઉપરોક્ત સ્પર્ધા ઉપરાંત તાલુકાકક્ષાની સ્પર્ધાઓમાં પ્રથમ વિજેતાઓની સ્પર્ધાઓ યોજાશે. | ઉપરોક્ત સ્પર્ધાઓ સીધી પ્રદેશ કક્ષાએ યોજાશે.આ ઉપરાંત જિલ્લાકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ યોજાશે. | ઉપરોક્ત સ્પર્ધાઓ સીધી રાજ્યકક્ષાએ યોજાશે.આ ઉપરાંત પ્રદેશકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ યોજાશે. |
| કુલ - ૦૯ કૃતિ | તાલુકાની ૦૯ કૃતિ + જિલ્લાની ૦૮ કૃતિ =૧૭ | તાલુકાની ૦૯ કૃતિ + જિલ્લાની ૦૮ કૃતિ + પ્રદેશકક્ષા ૦૬ કૃતિ = ૨૩ | તાલુકાની ૦૯ કૃતિ + જિલ્લાની ૦૮ કૃતિ + પ્રદેશકક્ષાની ૦૬ કૃતિ + રાજ્યકક્ષાની ૦૭ કૃતિ = કુલ ૩૦ કૃતિ |

**નોંધ : ચાલુ વર્ષે ગાયન વાદન સ્પર્ધા ઓન લાઇન થઈ ગયેલ હોવાથી ઓફ લાઇન સ્પર્ધા કરવાની રહેતી નથી.**

## અમરેલી કલા મહાકુંભ – ૨૦૨૧-૨૨

### તાલુકાકક્ષાની સ્પર્ધાના કાર્યક્રમની માહિતી

| ક્રમ | તાલુકા | કૃતિનું નામ | સ્પર્ધા તારીખ | સ્પર્ધા સ્થળ | સંચાલકશ્રી | સંપર્ક નંબર | કન્વીનરશ્રીનું નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૦૯/૦૧/૨૦૨૨ | દિપક હાઇસ્કુલ, અમરેલી | ડો.અમિતભાઇ ઉપાધ્યાય | ૯૪૨૭૭૪૪૪૯૫ | શ્રી પ્રકાશભાઇ જોષી શ્રી અશરફભાઈ પરમાર | ૯૪૨૬૯૯૯૯૪૬ |
| ૨ | લીલીયા | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૦/૦૧/૨૦૨૨ | શ્રી નાલંદા વિદ્યાલય, ભોરિંગડા | શ્રી વિજયભાઇ બાંભણીયા | ૯૯૦૪૨૮૪૭૬૯ | શ્રી વિજયભાઇ બાંભણીયા | ૬૩૫૧૬૬૭૯૪૮ |
| ૩ | ધારી | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૦/૦૧/૨૦૨૨ | વી.પી.જી.ગર્લ્સ સ્કૂલ, ધારી | શ્રી સંજયભાઈ સી. પરમાર | ૯૪૨૭૭૨૦૮૨૯ | પારૂલબેન પટેલ | ૯૦૯૯૬૨૫૭૦૧ |
| ૪ | લાઠી | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૧/૦૧/૨૦૨૨ | શ્રીમતિ એન.એચ.સંઘવી કન્યા વિદ્યાલય, લાઠી | દર્શનાબેન ગીડા | ૯૪૨૬૮૩૨૦૨૫ | દર્શનાબેન ગીડા | ૯૪૨૬૮૩૨૦૨૫ |
| ૫ | બગસરા | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૧/૦૧/૨૦૨૨ | શ્રી ઝવેરચંદ મેઘાણી હાઇસ્કુલ, બગસરા | શ્રી અશ્વિનભાઈ સોલંકી | ૯૪૨૭૨૩૦૧૪૯ | શ્રી જિગ્નેશભાઈ પંડયા | ૯૮૭૯૦૨૪૭૮૨ |
| ૬ | ખાંભા | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૧/૦૧/૨૦૨૨ | શ્રી જે.એન.મહેતા હાઇસ્કુલ ,ખાંભા. | શ્રી કે.ડી.સતાસિયા | ૯૪૨૭૯૪૪૧૫૭ | શ્રી અજિતસિંહ ગોહિલ | ૯૯૦૪૫૯૩૭૮૩ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | જાફરાબાદ | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૧/૦૧/૨૦૨૨ | શ્રી પારેખ મહેતા હાઇસ્કુલ, જાફરાબાદ | શ્રી વિમલભાઇ અગ્રાવત | ૯૪૨૬૯૮૫૭૩૫ | શ્રી વિમલભાઇ અગ્રાવત | ૯૪૨૬૯૮૫૭૩૫ |
| ૮ | સાવરકુંડલા | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૧/૦૧/૨૦૨૨ | સાવરકુંડલા તાલુકા યુવક મંડળ | શ્રી ધર્મશંકરભાઇ ભટ્ટ | ૯૮૭૯૬૮૭૬૨૨ | શ્રી ધર્મશંકરભાઇ ભટ્ટ | ૯૮૭૯૬૮૭૬૨૨ |
| ૯ | બાબરા | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૨/૦૧/૨૦૨૨ | શ્રી જ્ઞાનજ્યોત વિદ્યાલય, મું. વાંડળીયા, તા.બાબરા. | શ્રી હરેશભાઇ વડાવિયા | ૯૪૨૬૨૨૭૦૬૭ | શ્રી હરેશભાઇ વડાવિયા | ૯૪૨૬૨૨૭૦૬૭ |
| ૧૦ | કુંકવાવ | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૨/૦૧/૨૦૨૨ | સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ, વડીયા, તા.કુંકાવાવ | શ્રી ડી.ડી.પાદરીયા | ૯૮૭૯૧૬૮૨૫૮ | શ્રી એમ.જી.મોરી | ૯૭૨૫૮૪૪૯૫૬ |
| ૧૧ | રાજુલા | (૧) સમુહ ગીત (૨) ગરબા (૩) લોકનૃત્ય (૪) રાસ (૫) એકપાત્રીય અભિનય (૬) ભરતનાટ્યમ (૭) વકતૃત્વ (૮) ચિત્રકલા (૯) નિબંધ | ૧૨/૦૧/૨૦૨૨ | શ્રી બાલક્રિષ્ના વિદ્યાપીઠ,રાજુલા | શ્રી પરેશભાઇ હડિયા | ૯૭૧૨૬૭૭૧૨૫ | શ્રી પરેશભાઇ હડિયા | ૯૭૧૨૬૭૭૧૨૫ |

**નોંધ :- તાલુકાકક્ષાએ સ્પર્ધા સવારે ૯:૦૦ કલાકે શરૂ થશે, તમામ સ્પર્ધકોએ સવારે ૮:૩૦ વાગ્યે સ્પર્ધા સ્થળે રિપોર્ટિંગ કરવાનું રહેશે.**

**સરકારશ્રી તરફથી આપવામાં આવેલ COVID-19ની પ્રવર્તમાન ગાઈડ લાઈનનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.**

# કલા મહાકુંભ – ૨૦૨૧-૨૨

## જિલ્લાકક્ષાએ યોજાનાર સ્પર્ધાની તારીખ, સ્થળ અને સમય દર્શાવતુ પત્રક

## સ્પર્ધા સ્થળ : કે.કે.પારેખ અને મહેતા આર.પી. વિદ્યાલય,(નુતન મિડલ સ્કૂલ) સિવિલ હોસ્પિટલ સામે, અમરેલી

| ક્રમ | સ્પર્ધાનું નામ | સ્પર્ધા તારીખ | સ્પર્ધા સ્થળ | સ્પર્ધા શરૂ થવાનો સમય |
|---|---|---|---|---|
| તારીખ : ૧૯/૦૧/૨૦૨૨ | | | | |
| ૧ | લોકનૃત્ય | ૧૯/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, (મુખ્ય સ્ટેજ) | સવારે ૦૯:૩૦ કલાકે |
| ૨ | રાસ | ૧૯/૦૧/૨૦૨૨ | મુખ્ય સ્ટેજ | ક્રમશ: |
| ૩ | ગરબા | ૧૯/૦૧/૨૦૨૨ | મુખ્ય સ્ટેજ | ક્રમશ: |
| ૪ | કથ્થક | ૧૯/૦૧/૨૦૨૨ | મુખ્ય સ્ટેજ | બપોરે ૦૧:૦૦ કલાકે |
| ૫ | ભરતનાટ્યમ | ૧૯/૦૧/૨૦૨૨ | મુખ્ય સ્ટેજ | ક્રમશ: |
| ૬ | એકપાત્રીય અભિનય | ૧૯/૦૧/૨૦૨૨ | મુખ્ય સ્ટેજ | ક્રમશ: |
| ૭ | ચિત્રકલા | ૧૯/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, (હોલ) | સવારે ૦૯:૩૦ કલાકે |
| તારીખ : ૨૦/૦૧/૨૦૨૨ | | | | |
| ૮ | સમૂહગીત | ૨૦/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, (મુખ્ય સ્ટેજ) | સવારે ૦૯:૩૦ કલાકે |
| ૯ | ઓરગન | ૨૦/૦૧/૨૦૨૨ | મુખ્ય સ્ટેજ | ક્રમશ: |
| ૧૦ | વકતૃત્વ | ૨૦/૦૧/૨૦૨૨ | મુખ્ય સ્ટેજ | ક્રમશ: |
| ૧૧ | સર્જનાત્મક કારીગરી | ૨૦/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, (હોલ) | સવારે ૦૯:૩૦ કલાકે |
| ૧૨ | લોકવાર્તા | ૨૦/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, (કલાસ રૂમ) | સવારે ૦૯:૩૦ કલાકે |
| ૧૩ | દુહા-છંદ-ચોપાઈ | ૨૦/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, (કલાસ રૂમ) | ક્રમશ: |
| ૧૪ | નિબંધ | ૨૦/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, ((ક્લાસ રૂમ) | સવારે ૦૯:૩૦ કલાકે |
| ૧૫ | કાવ્ય લેખન | ૨૦/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, (ક્લાસ રૂમ) | સવારે ૦૯:૩૦ કલાકે |
| ૧૬ | ગઝલ શાયરી | ૨૦/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, (ક્લાસ રૂમ)) | સવારે ૦૯:૩૦ કલાકે |
| ૧૭ | સ્કૂલ બેન્ડ | ૨૦/૦૧/૨૦૨૨ | કે.કે.પારેખ અને આર.પી.મહેતા વિદ્યાલય, (સ્કુલ મેદાન ) | સવારે ૧૦:૩૦ કલાકે |

**ખાસ નોંધ :- સ્પર્ધક કલાકાર/ટીમોએ સ્પર્ધાના સમય કરતા ૩૦ મિનિટ પહેલા રિપોટિંગ કરવાનું રહેશે.**

**નૃત્યના કલાકારોએ શક્ય બને તો તૈયાર થઈ સમયસર આવવાનું રહેશે.**

- **સરકારશ્રી તરફથી આપવામાં આવેલ COVID-19ની પ્રવર્તમાન ગાઈડ લાઈનનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.**

# અમરેલી જિલ્લામાં આવતા તાલુકાના કન્વીનરની યાદી

| તાલુકાનું નામ | આયોજક શાળા/કોલેજ | તાલુકા કન્વીનરના નામ | તાલુકા કન્વીનરના સંપર્ક નંબર |
|---|---|---|---|
| અમરેલી | દિપક હાઇસ્કુલ, અમરેલી | શ્રી પ્રકાશભાઈ જોશી<br>શ્રી અશરફભાઈ પરમાર | ૯૪૨૬૯૯૯૯૪૬ |
| બાબરા | શ્રી જ્ઞાનજ્યોત વિદ્યાલય, વાંડળીયા | શ્રી હરેશભાઈ વડાવિયા | ૯૪૨૬૨૨૭૦૬૭ |
| લાઠી | શ્રીમતિ એન.એચ. સંઘવી કન્યા વિદ્યાલય, લાઠી | દર્શનાબેન એમ.ગીડા | ૯૪૨૬૮૩૨૦૨૫ |
| લીલીયા | શ્રી નાલંદા શૈક્ષણિક વિદ્યાલય, ભોરીંગડા | શ્રી વિજયભાઈ બાંભણીયા | ૯૯૦૪૨૮૪૭૬૯ |
| કુંકાવાવ | શ્રી સુરગવાળા સાર્વજનિક હાઈસ્કૂલ, વડિયા | શ્રી એમ.જી.મોરી | ૯૭૨૫૮૪૪૯૫૬ |
| બગસરા | શ્રી ઝવેરચંદ મેઘાણી હાઇસ્કુલ, બગસરા | શ્રી જિગ્નેશભાઈ પંડયા | ૯૮૭૯૦૨૪૭૮૨ |
| ધારી | શ્રી વી.પી.જી. ગર્લ્સ હાઇસ્કૂલ, ધારી | પારૂલબેન પટેલ | ૯૦૯૯૬૨૫૭૦૧ |
| ખાંભા | શ્રી જે.એન મહેતા હાઇસ્કૂલ, ખાંભા | શ્રી અજીતસિંહ ગોહિલ | ૯૯૦૪૫૯૩૭૮૩ |
| રાજુલા | શ્રી બાલકિષ્ના વિદ્યાપીઠ, રાજુલા | શ્રી પરેશભાઇ હડિયા | ૯૭૧૨૬૭૭૧૨૫ |
| જાફરાબાદ | શ્રી પારેખ અને મહેતા હાઇસ્કૂલ, જાફરાબાદ | શ્રી વિમલભાઇ અગ્રાવત | ૯૪૨૬૯૮૫૭૩૫ |
| સાવરકુંડલા | શ્રી સાવરકુંડલા તાલુકા યુવક મંડળ | શ્રી ધર્મશંકરભાઈ ભટ્ટ | ૯૮૭૯૬૮૭૬૨૨ |

જિલ્લા યુવા વિકાસ અધિકારી
જિલ્લા રમત ગમત કચેરી
અમરેલી

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
અમરેલી

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

# ઉંમર, ગૃપ મુજબ કૃતિઓ તથા ભાગ લેનારની સંખ્યા, સહાયક અને સમય

| ક્રમ | કૃતિનું નામ | કલાકાર સંખ્યા | સમય | સહાયકોની સંખ્યા | કુલ | ઉંમર ગૃપ પ્રમાણે ભાગ લેવા માટેની કૃતિઓ ગૃપ વાઈઝ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધી | ૧૫ વર્ષથી ૨૦ વર્ષ સુધી | ૨૧ વર્ષથી ૫૯ વર્ષ સુધીના | ૬૦ વર્ષથી (ઓપન વયજુથ) રાજ્યકક્ષાએથી |
| | | | | A) સાહિત્ય વિભાગ | | | | | |
| ૧ | વકતૃત્વ | ૧ | ૫ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૨ | નિબંધ લેખન | ૧ | ૪૦ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૩ | કાવ્ય લેખન | ૧ | ૬૦ મિનિટ | --- | ૧ | × | √ | √ | × |
| ૪ | ગઝલ શાયરી | ૧ | ૬૦ મિનિટ | --- | ૧ | × | √ | √ | × |
| ૫ | લોકવાર્તા | ૧ | ૧૫ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૬ | દુહા-છંદ-ચોપાઈ | ૧ | ૧૫ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| | | | | B) કલા વિભાગ | | | | | |
| ૭ | ચિત્રકલા | ૧ | ૧૨૦ મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| ૮ | સર્જનાત્મક કારીગરી | ૧ | ૧૮૦મિનિટ | --- | ૧ | √ | √ | × | × |
| | | | | C) સાંસ્કૃતિક વિભાગ | | | | | |
| ૯ | લોકનૃત્ય | ૧૬ | ૮ મિનિટ | ૪ | ૨૦ | √ | √ | √ | × |
| ૧૦ | રાસ | ૧૬ | ૮ મિનિટ | ૪ | ૨૦ | √ | √ | √ | × |
| ૧૧ | ગરબા | ૧૬ | ૮ મિનિટ | ૪ | ૨૦ | √ | √ | √ | × |
| ૧૨ | સમૂહ ગીત | ૮ | ૬ મિનિટ | ૫ | ૧૩ | √ | √ | × | × |
| ૧૩ | ભરતનાટ્યમ | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૪ | કથ્થક | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૫ | કુચિપુડી | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૬ | ઓડીસી | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૭ | મોહિની અટ્ટમ | ૧ | ૧૫ મિનિટ | ૧ અથવા ૪ | ૨ અથવા ૫ | √ | √ | × | × |
| ૧૮ | સિતાર | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૧૯ | ગીટાર | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૦ | સરોદ | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૨૧ | સારંગી | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૨૨ | સ્કૂલ બેન્ડ | ૨૧ | ૧૫ મિનિટ | ૩ | ૨૪ | √ | √ | × | × |
| ૨૩ | ઓરગન | ૧ | ૬ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૪ | પખાવજ | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૫ | વાયોલિન | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૬ | મૃદંગમ | ૧ | ૭ મિનિટ | ૧ | ૨ | √ | √ | √ | √ |
| ૨૭ | રાવણ હથ્થો | ૧ | ૬ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૨૮ | જોડિયા પાવા | ૧ | ૬ મિનિટ | ૧ | ૨ | × | × | √ | √ |
| ૨૯ | ભવાઇ | ૧૦ | ૧૫ મિનિટ | ૫ | ૧૫ | ઓપન વિભાગ | | | |
| ૩૦ | એકપાત્રીય અભિનય | ૧ | ૬ મિનિટ | --- | ૧ | √ | √ | √ | √ |

# કલા મહાકુંભના સામાન્ય નિયમો

- ૩૧/૧૨/૨૦૨૧ ને ધ્યાને રાખી વયજુથ મુજબ તારીખ આપવામાં આવેલ છે.
- કોઈપણ સ્પર્ધક એક જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
- કોઈ પણ સ્પર્ધક પોતાના વતનના તાલુકામાંથી જ સમગ્ર સ્પર્ધા દરમ્યાન ભાગ લઈ શકશે.
- ઈરાદાપૂર્વક કોઈપણ માહિતી છુપાવવી નહીં, તેમજ ખોટી માહિતી આપવી નહીં, અન્યથા સ્પર્ધામાં આપનો પ્રવેશ રદ કરવામાં આવશે અને તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- કોઈ પણ સ્પર્ધક, સહાયક અથવા તેના વાલીએ કોઈપણ તબક્કે આયોજકો , નિર્ણાયકશ્રીઓ કે કોઈપણ વ્યક્તિ સાથે અસભ્ય કે ગેરવર્તન કરવું નહીં , અન્યથા તે સ્પર્ધક કે સંસ્થાને ત્રણ વર્ષ સુધી ભાગ લેવા દેવામાં આવશે નહીં.
- સ્પર્ધામાં ભાગ લેવા માટે ઉમરનો પુરાવો આપવો જરૂરી છે. જેના માટે સંસ્થા –કોલેજનું આઈકાર્ડ, આધારકાર્ડ, જન્મ તારીખ દર્શાવતું કોઈ પણ સરકારી આધાર વિગેરેમાંથી કોઈપણ એક પુરાવો આપવો ફરજિયાત છે.
- સ્પર્ધા સ્થળે ઉપલબ્ધ સગવડોનો જ ઉપયોગ કરવા દેવામાં આવશે. વધારાની સગવડ કલાકારોએ જાતે લાવવાની રહેશે.
- પોતાને જરૂરી કોસ્ચ્યુમ, મેકઅપ, સેટીંગ્સ, સ્ટેજ પ્રોપર્ટી, સંગીતના સાધનો કે સ્પર્ધા માટે અન્ય જરૂરી વધારાના સાધનો સ્પર્ધકે જાતે લાવવાના રહેશે.
- સ્પર્ધકે ખાસ ધ્યાન રાખવાનું રહેશે કે , તમામ સ્પર્ધકોને એક જ માહોલમાં નિર્ણાયકશ્રીઓ દ્વારા મૂલવી શકાય એટલા માટે સ્પર્ધા માટેની કૃતિ જનરલ લાઈટ્સ અને કોઈ પણ ઇફેક્ટ વગરની માઇક સીસ્ટમ સાથે જ રજૂ કરવાની રહેશે.જે આયોજક દ્વારા પૂરી પાડવામાં આવશે.
- દરેક સ્પર્ધા માટે તેની નિયત સમય મર્યાદામાં + કે -,૧/૫ (૨૦%) ભાગના સમયની છૂટ આપવામાં આવશે.
- જે તે કૃતિનું પરિણામ સ્પર્ધાના બીજા દિવસે અથવા આયોજકો નક્કી કરે તે પ્રમાણે જાહેર કરવામાં આવશે. જે તે કલાકારોએ પરિણામ માટે પોતાના જિલ્લાની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- કાર્યક્રમના આગળના દિવસે સ્પર્ધકે જાતે જ કાર્યક્રમની વિગતો મેળવી લેવી. જેથી કોઈ ફેરફાર હોય તો માહિતગાર થઈ શકાય અને વિનાવિઘ્ને , સમયસર, યોગ્ય સ્થળે સ્પર્ધામાં સફળતા પૂર્વક ભાગ લઈ શકાય. આ માટે આયોજક કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.
- કાર્યક્રમના સ્થળ કે સમયમાં ફેરફાર કરવાની સત્તા આયોજકોની રહેશે.
- સ્પર્ધકોએ સ્વખર્ચે, તાલુકા અને જિલ્લાકક્ષાએ ભાગ લેવાનો રહેશે. પ્રદેશ અને રાજયકક્ષાએ, પ્રવાસ, નિવાસ અને ભોજનની વ્યવસ્થા આયોજકો દ્વારા ફાળવેલ જોગવાઈની મર્યાદામાં રહી કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.
- જે તે સ્પર્ધામાં પરિશિષ્ટમાં બતાવ્યા મુજબ જે તે કક્ષાએથી જ ભાગ લેવાનો રહેશે.
- તાલુકાકક્ષા સ્પર્ધામાં દરેક વયજુથના પ્રથમ વિજેતા થયેલ કલાકારો કે વૃંદો જિલ્લાકક્ષાએ ભાગ લેવા જશે , જિલ્લાકક્ષાના દરેક વયજુથના પ્રથમ વિજેતા પ્રદેશકક્ષાએ ભાગ લઈ શકશે અને પ્રદેશકક્ષાના દરેક વયજુથના પ્રથમ અને દ્વિતીય વિજેતાઓ રાજય કક્ષાએ ભાગ લઈ શકશે.

## <u>સ્પર્ધા માટેના નિયમો</u>

### (A) <u>સાહિત્ય વિભાગ</u>

**(૧) <u>વકતૃત્વ સ્પર્ધા :-</u>**

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- દરેક વિભાગ માટે સ્પર્ધાનો વિષય નક્કી કરી ૨૪ કલાક પહેલા જાહેર કરવાનો રહેશે.
- સ્પર્ધાનો સમય ૫ મિનીટનો રહેશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે , યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવા.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, વસ્તુ વિચાર, રજૂઆત-છટા, ભાષા-ઉચ્ચાર અને સમગ્ર અસર ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહીં.

**(૨) <u>નિબંધ લેખન :-</u>**

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધાનો સમય ૪૦ મિનિટનો રહેશે.
- નિબંધનો વિષય સ્પર્ધા સમયે જાહેર કરવામાં આવશે.
- રાષ્ટ્રની એકતાને પોષે, સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે. યુવાનોને સ્વતંત્ર રીતે પોતાના વિચારો રજૂ કરવાની તક આપે, એવા વિષયો સામાન્ય રીતે પસંદ કરવામાં આવશે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બંને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- નિબંધમાં વિચાર, વસ્તુની ચર્ચા ઉપરાંત ભાષા , તેની શુધ્ધતા , વિચારો, લખાણની શૈલી અને હસ્તાક્ષર વગેરે બાબતો તેના મૂલ્યાંકન વખતે ધ્યાનમાં રાખવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

**(3) <u>કાવ્ય લેખન:-</u>**

- સ્પર્ધા ગુજરાતી અથવા હિન્દી ભાષામાં રહેશે.
- સ્પર્ધકે ૬૦ મિનિટમાં કવિતાની રચના કરવાની રહેશે.
- કવિતા સમાજની દ્રષ્ટિએ પોષક હોવી જરૂરી છે.
- પ્રણય, રાષ્ટ્રભક્તિ, શૌર્ય, ઋતુ આધારિત ગીત , સામાજિક, બાળગીત કે ભક્તિગીત જેવા વિષય ઉપરની કાવ્ય રચના આવકાર્ય છે.
- સ્પર્ધામાં હરીફને ગુજરાતી તેમજ હિન્દી એમ બંને ભાષાઓમાંથી ગમે તે એક ભાષામાં ભાગ લેવાની છૂટ આપવામાં આવશે.
- સ્પર્ધા માટે ત્રણ થી ચાર વિષયો આપવામાં આવશે. જેમાંથી સ્પર્ધકે કોઈ પણ એક વિષય ઉપર રચના કરવાની રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, વસ્તુ વિચાર, કવિતાનું બંધારણ, ભાષા અને સમગ્ર રચના ઉપર આધારિત રહેશે.
- સ્પર્ધકની કવિતા એ કોઈપણની કવિતાની નકલ કરેલી ,પાછળથી પણ જણાશે તો ગમે તે લેવલેથી , સ્પર્ધામાંથી ત્રણ વર્ષ માટે બાકાત કરવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

(૪) <u>ગઝલ-શાયરી :-</u>

- ગઝલ-શાયરી ગુજરાતી અથવા હિન્દી ભાષામાં લખી શકાશે.
- કૃતિ રચવા માટે ૬૦ મિનિટનો સમય આપવામાં આવશે.
- ગઝલ-શાયરી રચવા માટે ત્રણથી ચાર જુદા જુદા વિષયો આપવામાં આવશે.જેમાંથી હરીફે કોઈ પણ એક વિષય ઉપર પોતાની રચના કરવાની રહેશે.
- નિર્ણયનો આધાર છંદ-મીટર , વિચારોની મૌલિકતા અને તેનું આયોજન , કલ્પના ,ઉર્મિ, અલંકાર વિગેરે તેમજ સમગ્ર અસર ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

(૫) <u>લોક્વાર્તા:-</u>

- ઈતિહાસને ઉજાગર કરતી પ્રાચીન , ઉદ્દેશ્યાત્મક , પ્રેરણાદાયક અને સમાજને સાચો માર્ગ ચિંધતી લોકકથાઓ આધારિત લોક્વાર્તા રજૂ કરી શકાશે.
- રજૂઆતનો સમય ૧૫ મિનિટનો રહેશે.
- સહાયક તરીકે કોઈને પણ લઈ શકાશે નહીં પરંતુ વાર્તાકાર રાવણહથ્થો વગાડતા વગાડતા લોક્વાર્તાની પ્રસ્તુતિ કરી શકશે.
- સામાન્ય સંજોગોમાં સ્ટેજ-માઈકની ગોઠવણી તેમજ લોક્વાર્તાકારને બેસવા માટે વધુમાં વધુ ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, લોકવાર્તાની રજૂઆતની અસલી પ્રાચીન લઢણ, સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા, તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- પ્રાદેશિક પરંપરા શૈલીનો ઉપયોગ કરી શકાશે. ચારણશૈલી , બારોટશૈલી , ઢીઢાલીલા અને ભવાઇશૈલી જેવી સામાન્ય શૈલીનો ઉપયોગ કરવાનો રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.
- વાર્તાકારો પોતાને અનુકૂળ વાદ્યનો આધાર લઈ શકશે. (સ્વરવાદન દ્વારા)

(૬) <u>દુહા,છંદ,ચોપાઈ :-</u>

- દુહા,છંદ,ચોપાઈની રજૂઆત પ્રાચીન પરંપરા અને લોક સાહિત્ય આધારિત હોવી જોઈએ . ખાલી જોડકણા ,કે અર્વાચીન રચનાઓથી બનેલ રચનાઓ રજૂ કરી શકાશે નહીં.
- સ્પર્ધામાં કંઠસ્થ કરેલા ઓછામાં ઓછા આઠથી દસ દોહા-છંદ-ચોપાઈની રજૂઆત કરવાની રહેશે. છંદો જેવા કે માત્રામેળ અને અક્ષરમેળ, ચારણી ગીતો છંદો જેવા કે, સપાખરા, સાવજડું, તિકુરબંધ, શાણોર ઈત્યાદીની રજૂઆત કરી શકાશે.
- સ્પર્ધાનો સમય ૧૫ મિનિટનો રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઈકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ ત્રણ મિનિટ આપવામાં આવશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય સૂર , તાલ , લય , દુહા-છંદ-ચોપાઈની અસલી પ્રાચીન ગાયકીની લઢણ , બોલનું સ્પષ્ટ ઉચ્ચારણ, સમય મર્યાદા તેમજ સમગ્ર રજૂઆત ઉપર આધારિત રહેશે.
- કંઠસ્થ રજૂઆત વખતે ગાન અનિવાર્ય રહેશે અને દુહા-છંદ-ચોપાઈનો ભાવાર્થ ગુજરાતી , હિન્દી ભાષામાં પોતાની સમજણ પ્રમાણે મૌલિક શૈલીમાં રજૂ કરવાના રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

# (B) કલા વિભાગ

(૭) **ચિત્રકલા :-**

- તત્કાલ ચિત્ર સ્પર્ધા યોજાશે. એટલે કે ચિત્રકામ સ્થળ ઉપર જ કરવાનું રહેશે.
- સ્પર્ધાનો સમય ૧૨૦ (૨ કલાક) મિનિટનો રહેશે.
- ચિત્રકલાની સ્પર્ધા માટે, ડ્રોઈંગના કાગળો સ્પર્ધાના આયોજકો તરફથી આપવાના રહેશે. અન્ય સાધન સામગ્રી સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે પોતે લાવવાની રહેશે.
- સ્પર્ધા માટે ડ્રોઈંગ પેપર ૧૬"X૨૦" અથવા ૨૪"X૩૦" નો અનુકૂળતા પ્રમાણેનો આપવો.
- ચિત્રકલાનો વિષયનો સ્થળ ઉપર આપવામાં આવશે. અપાયેલા વિષય ઉપર સ્પર્ધકે પોતાની શૈલીના માધ્યમથી ચિત્ર દોરી શકાશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન , કલર સ્કીમ , ટેકનીક, વસ્તુલક્ષી નિરૂપણ , ડ્રોઈંગ અને આકારમાં સપ્રમાણતા વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

(૮) **સર્જનાત્મક કારીગરી :-**

- આ સ્પર્ધામાં નકામી તેમજ બહુ કિંમતી ન હોય તેવી વસ્તુઓ જેવી કે બંગડીઓના કાચ ,લાકડાનો વેર , ઇલાયચીના છોડા ,પથ્થરના ટુકડા કે ચામડામાંથી સ્થળ પર નમૂના તૈયાર કરવાના રહેશે . કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ તેમ નમૂનો શ્રેષ્ઠ ગણાય તેવી મૂલ્યાંકન જોગવાઇઓના સૂચનો લક્ષમાં લેશું.
- જે નમૂના તૈયાર કરવામાં આવે તે બજારમાં વેચી શકાય અથવા મૂલ્ય ઉપજે તેવા હોવા જોઈએ.
- જરૂરી સ્પર્ધકોને અલાયદી જગ્યા આપવામાં આવશે.સ્થળ પર તૈયાર કરેલા મૌલિક નમુનાને પ્રાધાન્ય અપાશે.
- સ્પર્ધાના પ્રકાર પ્રમાણે વધુમાં વધુ ૧૮૦ (૩ કલાક) મિનિટનો સમય આપવામાં આવશે.
- જરૂરી સાધનો તથા સરંજામ સ્પર્ધકે પોતે લાવવાના રહેશે.જે નમૂના તૈયાર થાય તે સ્પર્ધાના સ્થળે છેલ્લા દિવસ સુધી રાખવાના રહેશે.
- નિર્ણયનો આધાર કમ્પોઝીશન, ટેકનીક, વસ્તુલક્ષી નિરૂપણ, આકારમાં સપ્રમાણતા, કાચી સામગ્રીનો નાણાકીય વ્યય લઘુત્તમ અને તૈયાર નમૂનાની કિંમત ગુરુત્તમ વગેરે ઉપર રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

# (C) સાંસ્કૃતિક વિભાગ

(૯) **લોકનૃત્ય :-**

- નૃત્યમાં મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઈ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.નૃત્ય એકલા ભાઈઓ , એકલી બહેનો કે ભાઈઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.નૃત્યમાં બહારથી ગવડાવી શકાશે. નૃત્યમાં ગાયક – વાધ્યકારો તરીકે મહત્તમ ૪ નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક્વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનું રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- નૃત્યમાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહીં. (લોકનૃત્ય લાઈવ કરવાનું રહેશે.)
- છોકરીઓ છોકરાનો કે છોકરાઓ છોકરીઓનો પહેરવેશ પહેરી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.
- નૃત્ય જે પ્રદેશનું રજૂ કરવા આપે પસંદ કર્યું હોય તેના અનુરૂપ જ એકશન ,ગાયકી,પહેરવેશ,તાલ અને સંગીતનો પ્રયોગ કરી,તેના એક જ મૂળ સ્વરૂપમાં રજૂ કરવું હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના નૃત્યો (દા.ત. રાજસ્થાની નૃત્યમાં

ચરી,ચકરી,તેહરતાલી,પનિહારી,ભવાઇ વગેરે નૃત્યો) મિશ્ર કરી રજૂ કરવા ,મુલવણી માટે હાનિકારક રહેશે.તે જ રીતે નૃત્યનું ગીત પણ જે તે પ્રદેશના નૃત્ય અનુરૂપ શુધ્ધ સ્વરૂપનું ,એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકર્તા રહેશે.

- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પસંદગી , વાસ્તવિકતા, સૂરીલાપણું, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ઘુમવાની છટા, પાદચલન, નૃત્યગૂંથણી, વેશભૂષા, ઓર્નામેંટસ, એકાત્મતા, એન્ટ્રી-,એકઝીટ, સમય અને સમગ્ર રજૂઆત જેવા નૃત્ય ના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.
- લોક નૃત્ય ભારતીય શૈલી હોય શકે પરંતુ શાસ્ત્રીય નહીં તથા નૃત્ય નાટિકાની છૂટ નથી.

**(૧૦) <u>રાસ :-</u>**

- રાસમાં મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછા ૧૨ નૃત્યકારો અને ૪ સહાયકો થઈ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.
- રાસ એકલા ભાઈઓ, એકલી બહેનો કે ભાઈઓ અને બહેનો સાથે પણ રજૂ કરી શકાશે.
- રાસમાં બહારથી ગવડાવી શકાશે. નૃત્યમાં ગાયક –વાધ્યકારો તરીકે મહત્તમ ૪ નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક્વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનું રહેશે.
- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- રાસમાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહીં.
- છોકરીઓ છોકરાનો કે છોકરાઓ છોકરીઓનો પહેરવેશ પહેરી સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં.
- દાંડિયા,મંજિરા,ઢાલ તલવાર કે કરતાલ સાથે પણ રાસ લઈ શકાશે.
- રાસમાં હાર્મોનિયમ, ઢોલ, તબલા, શરણાઈ, વાંસળી, મંજિરા, ખંજરી, ઝાંઝ વિગેરે જેવા રાસને અનુરૂપ પ્રાચીન વાધ્યોનો જ પ્રયોગ કરી શકાશે.રાસની રજૂઆતમાં ઇલેક્ટ્રોનિકસ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહી.
- રાસ જે પ્રાંત કે પ્રદેશનો રજૂ કરવા આપે પસંદ કર્યો હોય તેના અનુરૂપ જ એકશન , લોકગાયકી, પહેરવેશ અને સંગીતનો પ્રયોગ કરી ,તેના એક જ મૂળ સ્વરૂપમાં રજૂ કરવો હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના રાસ (જેવા કે મણિયારો, અઠંગો, કણબી, ઢાલ-તલવાર, પઢાર વગેરે) મિશ્ર કરી રજૂ કરવા , મુલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે રાસનું ગીત પણ લોકકલાના શુધ્ધ સ્વરૂપનું એક જ હોય તે જોવું. બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકર્તા રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પસંદગી, વાસ્તવિકતા, તેનો લોકગમ્ય ઢાળ, કંઠનું માધુર્ય, સૂરીલાપણું, સુસ્પષ્ટ ઉચ્ચારણ, તાલ , લય , સંગીત , સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ઘુમવાની છટા , પાદચલન, નૃત્યગૂંથણી , વેશભૂષા , ઓર્નામેંટસ , એકાત્મતા , એન્ટ્રી -એકઝીટ, સમય અને સમગ્ર રજૂઆત જેવા રાસના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

**(૧૧) <u>ગરબા:-</u>**

- ગરબો પ્રાચીન કે અર્વાચીન કોઈપણ રજૂ કરી શકાશે. જે રજૂ કરો તે તેના મૂળ અને શુધ્ધ સ્વરૂપમાં જ રજૂ કરવાનો રહેશે.
- ગરબામાં, મહત્તમ ૧૬ કે ઓછામાં ઓછી ૧૨ બહેનો અને ૪ સાજિંદા થઈ મહત્તમ ૧૬ કે ૨૦ કલાકારો ભાગ લઈ શકશે.

- આ સ્પર્ધા માટેનો સમય ૮ મિનિટનો રહેશે.
- ગરબામાં મહત્તમ ૪ વાધ્યકારો (સહાયકો) નો ઉપયોગ કરી શકાશે. હાર્મોનિયમ નો ઉપયોગ કરી શકાશે પરંતુ તે એક્વાધ્ય તરીકે ગણવામાં આવશે. હાર્મોનિયમ વગાડનારે માઇકથી દૂર બેસવાનું રહેશે. પ્રાચીન ગરબો જો આપે પસંદ કર્યો હોય તો તેની રજૂઆતમાં ઇલેક્ટ્રોનિકસ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે નહી. ગરબાના પ્રકાર અનુરૂપ જ વાધ્યોનો પ્રયોગ કરી શકાશે.
- ગરબામાં પ્રિરેકોર્ડેડ કેસેટ કે સંગીતનો પ્રયોગ કરી શકાશે નહીં. ગરબે ફરતી બહેનો પૈકી ચારેક બહેનો ગવડાવે અને બાકીની બહેનોએ ઝીલી ગરબાની પ્રસ્તુતિ કરવાની રહેશે. ગરબો બહારથી ગવડાવી શકાશે નહીં.
- ગરબાની કૃતિ સમાજ માટે પોષક આને જે ગરબો રજૂ કરો (પ્રાચીન કે અર્વાચીન) તેને અનુરૂપ જ હોવી જોઈએ.એટલે કે એ પ્રાચીન હોય કે અર્વાચીન પણ તેનું એક જ સ્વરૂપ રજૂ કરી શકાશે. મિશ્ર ગરબાની નોંધ મુલવણી વખતે નકારાત્મક લેવામાં આવશે. સ્પર્ધામાં કેવળ જોડકણા વાળા કે મેડલી બનાવેલા ગરબા રજૂ કરવા નહીં. અન્યથા તે અનુસંધાને તેની મુલવણી નિર્ણાયકશ્રીઓ દ્વારા કરવામાં આવશે.ખાસ કિસ્સામાં આયોજકો તેનો અસ્વીકાર પણ કરી શકશે.જેમાં કોઈ વાદ-વિવાદ ચાલશે નહીં.
- ગરબા નૃત્ય પ્રધાન ન હોવા જોઈએ તેમજ તેમાં નાટકીય હાવભાવ પણ હોવા જોઈશે નહીં.
- ગરબાની રજૂઆત માટે તાળી , ચપટી, મંજિરા, દિવડા, માટલી, ગાગર, ઘડો, ગરબો વિગેરેનો ઉપયોગ થઈ શકશે.
- ગરબો જે પ્રાંત કે પ્રદેશનો રજૂ કરવા આપે પસંદ કર્યો હોય તેના અનુરૂપ જ એકશન , ગાયકી, પહેરવેશ, અને સંગીતનો પ્રયોગ કરી, તેના એક જ મૂળ સ્વરૂપમાં રજૂ કરવો હિતાવહ છે. બે ચાર પ્રકૃતિના ગરબા ( જેવા કે પ્રાચીન, અર્વાચીન, રબારી બહેનોનો, નાગરો બહેનોનો, કોળી બહેનોનો વિગેરે) મિશ્ર કરી રજૂ કરવા , મુલવણી માટે હાનિકારક રહેશે. તે જ રીતે ગરબાનું ગીત પણ એક જ હોય તે જોવું.બે ચાર ગીતોની મિશ્ર પ્રસ્તુતિ કરવી પરિણામ માટે અસરકર્તા રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય, કૃતિની પસંદગી, વાસ્તવિકતા, તેનો લોકગમ્ય ઢાળ, કંઠનું માધુર્ય, સૂરીલાપણું, સુસ્પષ્ટ ઉચ્ચારણ, તાલ, લય, સંગીત, સમસ્ત નૃત્યકારોના સુમેળભર્યા લલિત અંગડોલન સાથેની ધુમવાની છટા , પાદચલન, નૃત્યગૂંથણી, વેશભૂષા, ઓર્નામેંટસ, એકાત્મતા, એન્ટ્રી-એકઝીટ, સમય અને સમગ્ર રજૂઆત જેવા રાસના પ્રધાન અંગ ઉપર આધારિત રહેશે.
- નિર્ણાયકશ્રીઓનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.આ અંગે કોઈ પણ જાતનો વાદ-વિવાદ ચાલશે નહીં કે તેને પડકારી શકાશે નહી.

**(૧૨) <u>સમૂહગીત :-</u>**

- આ સ્પર્ધા માટેનો સમય ૬ મિનિટનો રહેશે.
- સ્પર્ધકે સ્વયં પોતાના વાજિંત્રોની વયવસ્થા ,અગાઉથી સૂર મેળવી કરવાની રહેશે. સ્પર્ધા સમયે તેના માટે સમય આપવામાં આવશે નહીં.
- આ સ્પર્ધામાં ૮ સ્પર્ધકો અને ૫ સહાયકો રાખી શકાશે.(ઓછામાં ઓછા ૪ અને વધુમાં વધુ (૮) સમુહગીત વૃંદમાં રહેશે.
- સામાન્ય સંજોગોમાં, સ્ટેજ-માઈકની ગોઠવણી તેમજ સંગીતકારોને બેસવા માટે વધુમાં વધુ ત્રણ મિનિટ આપવામાં આવશે.
